RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 08 * Date: 26.10.2024,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભારત-ચીનના સંબંધો સુધારવા મોદી અને જિનપિંગની મુલાકાત જરૂરી : ડ્રેગન



બેઈજિંગ : રશિયાના કઝાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગની બ્રિક્સ શિખર મંત્રણા વચ્ચે યોજાયેલી બેઠકને મહત્વપૂર્ણ ગણાવતા ચીને કહ્યું કે, ભારત અને ચીન વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધુ સારા બનાવવા માટે આ પ્રકારની બેઠક અત્યંત જરૂરી છે.

બ્રિકસ શિખર મંત્રણા દરમિયાન પીએમ મોદી અને પ્રમુખ શી જિનપિંગ વચ્ચેની બેઠકના પરિણામોને બેઈજિંગ કેવી રીતે જૂએ છે તેવા એક સવાલના જવાબમાં ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિઆને કહ્યું કે, ચીન દ્વિપક્ષીય સંબંધોને રણનીતિક ઊંચાઈ અને લાંબાગાળાના પરિપ્રેક્ષ્યથી જોવા અને સંભાળવા માટે ભારત સાથે કામ કરવા માટે તૈયાર છે. લિને કહ્યું કે, ચીન સંચાર અને સહયોગને વધારવા, પારસ્પરિક વ્યૂહાત્મક વિશ્વાસ વધારવા, મતભેદોનું સારી રીતે સંચાલન કરવા અને દ્વિપક્ષીય સંબંધોને વહેલામાં વહેલા સ્થિર વિકાસના માર્ગે પાછા લાવવા માટે પણ તૈયાર છે. ભારત અને ચીન વચ્ચે પૂર્વીય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર પેટ્રોલિંગ અને આમને-સામને રહેલા સૈનિકોને પાછા ખેંચવા માટે સમજૂતી થયા પછી પીએમ મોદી અને પ્રમુખ જિનપિંગ વચ્ચે કઝાનમાં બ્રિક્સ શિખર સંમેલનની સાથે દ્વિ-પક્ષીય બેઠક મળી હતી, જેમાં તેમણે આ સમજૂતીનું સમર્થન કર્યું હતું. ત્યાર પછી વિવિધ દ્વિપક્ષીય વાટાઘાટો ફરી એક વખત શરૂ કરવાનો નિર્દેશ અપાયો હતો. હકીકતમાં વર્ષ ૨૦૨૦માં ભારત અને ચીનના સૈન્ય વચ્ચે જૂનમાં ગલવાનમાં હિંસક અથડામણ પછી બંને દેશના સંબંધો કથળ્યા હતા.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લીને કહ્યું કે, બંને પક્ષોનું માનવું હતું કે આ બેઠક રચનાત્મક છે અને તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેઓ ચીન-ભારત સંબંધોને રણનીતિક ઊંચાઈ અને લાંબાગાળાના પરીપ્રેક્ષ્યથી જોવા માટે સહમત છે. બંને દેશના વિદેશ મંત્રીઓ અને અધિકારીઓ વચ્ચે વિવિધ સ્તર ૉપર વાતચીત મારફત પારસ્પરિક વિશ્વાસ વધારવા પણ બંને દેશના વડા સહમત થયા હતા, જેથી સંબંધોને ઝડપથી વિકાસના માર્ગે પાછા લાવી શકાય

તેમણે કહ્યું કે, બંને નેતાઓએ સરહદીય વિવાદોના ઉકેલ માટે વિશેષ પ્રતિનિધિ તંત્રનો સારો ઉપયોગ કરવા, સરહદીય ક્ષેત્રોમાં શાંતિ અને સૌહાર્દ સુનિશ્ચિત કરવા, નિષ્પક્ષ અને યોગ્ય સમાધાન શોધવા, બહુપક્ષીય મંચો પર સંચાર અને સહયોગ વધારવા અને વિકાસશીલ દેશોના સંયુક્ત હિતોના રક્ષણ પર પણ સહમતિ વ્યક્ત કરી છે.' રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યીના અધ્યક્ષપદે વિશેષ પ્રતિનિધિ તંત્રે ભૂતકાળમાં બંને દેશોના સંબંધો સુધારવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ વિશેષ પ્રતિનિધિ તંત્રની રચના ૨૦૦૩માં કરવામાં આવી હતી.

## બામણાસામાં યોજાયું ખેડૂત મહાસંમેલન, ૧૦૦ ગામના ખેડૂતો પહોંચ્યા, જાણો કયા મુદ્દે શરૂ થયું આ મહાઆંદોલન

જૂનાગઢ બામણાસામાં ખેડૂતોએ મહાપંચાયત યોજીને સરકાર સામે ગંભીર આક્ષેપ કર્યા છે, ત્યારે ઘેડના ખેડૂતોની મુશ્કેલી, ઈકો ઝોન, લીલો દુષ્કાળ, ભુલ ભરેલી જમીન માપણી, નદી પ્રદુષિત સહિતના મુદ્દે ખેડૂતોમાં રોષ છવાયો છે. આ ખેડૂતોની મહાપંચાયતનું આયોજન સંયુક્ત કિસાન મોરચા દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં કોંગ્રેસ કિસાન સેલના ચેરમેન પાલ આંબલિયા, આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડાલિસ્ટ, ખેડૂત પુત્ર બજરંગ પુનિયા અને કિસાન મોરચાના કન્વીનર યોગેન્દ્ર યાદવ, આપના નેતા ગોપીલ ઈટાલિયા, જીગ્નેશ મેવાણી, ભાજપના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા, આંદોલનકારી પ્રવિણ રામ સહિતના અનેક નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતા.જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના બામણાસા ખાતે ખેડૂત મહાપંચાયતની મળેલી સભામાં ખેડૂતો દ્વારા કરવામાં આવેલી માગ સ્વીકારવામાં નહીં આવે તો, આગામી સમયમાં સમગ્ર ગુજરાતભરમાં સંયુક્ત કિસાન મોરચા અંતર્ગત આંદોલન કરવાની ચીમકી પણ ખેડૂતોએ ઉચ્ચારી હતી.

કોંગ્રેસ કિસાન સેલના ચેરમેન પાલ આંબલિયાએ કહ્યું હતું કે, 'સિંહ જંગલ બહાર આવે તે જંગલ ખાતાની નબળાઈ છે. ઈકો સેન્સિટિવ ઝોનને સરળ શબ્દોમાં સમજવું હોય તો જંગલનું રાજ્ય હતું તે ૧૦ કિલોમીટર સુધી આગળ વધાર્યું છે. તેમાં જે થાય છે સરકારમાં બેઠેલા હોશિયાર છે કે રાજા-મહારાજા હોશિયાર છે? તે સમયે રાજા-મહારાજા દર વર્ષે જંગલનું કટિંગ કરાવતા હતા. તેથી સિંહ દોડીને શિકાર કરી શકતો હતો. તે દોડીને શિકાર નથી કરી શકતો એટલે સિંહને બહાર આવવું પડ્યું છે. આ જે સિંહ બહાર આવે છે તે જંગલ ખાતાની નબળાઈના કારણે બહાર આવે છે. તમે અઢી લાખ ઘેડ વિસ્તારના ૧૦૦ ગામોના ખેડૂતોને રોજગાર વિહોણા કરો છો. એટલે તમારી રોજગારી છીનવી રહ્યા છો. અમે ૫-૧૦-૧૫ લાખને રોજગારી આપી શકીએ એમ છીએ.

## ખાલિસ્તાનીઓ ભારતીય વિદ્યાર્થીઓને કરી રહ્યાં છે ટારગેટ, ભારત વિરુદ્ધ ઝેર ઘોળવાનો કરે છે પ્રયાસ




કેનેડાથી ભારત પરત આવેલા હાઈ-કમિશનર સંજય વર્માએ ગુરુવારે જણાવ્યું હતું કે, કેનેડામાં અભ્યાસ કરવા જતા ભારતીય વિદ્યાર્થીઓએ તેમની આજુબાજુના વાતાવરણનું ધ્યાન રાખવું જોઈએ, કારણ કે ખાલિસ્તાની આતંકીઓ અને કટ્ટરવાદીઓ વિદ્યાર્થીઓને નિશાન બનાવી તેમને કટ્ટરવાદી બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

સંજય વર્માએ કેનેડામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓના માતા-પિતાએ તેમના સંતાનો સાથે નિયમિતપણે વાત-ચીત કરવી જોઈએ અને તેમની પરિસ્થિતિ સમજવા પ્રયત્ન કરવો જોઈએ અને તેમને પ્રતિકૂળ વાતાવરણથી દૂર રહેવા સમજાવવું જોઈએ. કેનેડામાં અભ્યાસ કરતા ૩.૧૯ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ સહિત ભારતીય કોમ્યુનિટીને ખાલિસ્તાની આતંકીઓ અને કટ્ટરવાદીઓથી મોટું જોખમ છે. કેનેડામાં રહેતા ખાલિસ્તાની આતંકીઓ ભારતીય નહીં પરંતુ કેનેડિયન નાગરિકો છે. તેઓ કેનેડાની ધરતી પરથી ભારત વિરુદ્ધ કામ કરે છે. અમે માત્ર એટલું ઈચ્છીએ છીએ કે કેનેડા તેમના વિરુદ્ધ પગલાં લે. તેઓ ભારતની સંપ્રભુતા અને અખંડતાને પડકારી રહ્યા છે.

## ડાંગ જિલ્લામાં દિવાળીના તહેવારની ઉજવણીને અનુલક્ષીને ૦૬ નવેમ્બર સુધી પ્રતિબંધાત્મક જાહેરનામું

: આહવા:

ડાંગ જિલ્લામાં આગામી સમયમાં દિવાળીના તહેવારની ઉજવણી દરમિયાન જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.બી.ચૌધરીએ ગુજરાત પોલીસ અધિનિયમ (સને – ૧૯૫૧)ની કલમ -૩૭(૧) થી મળેલી સત્તાની રૂએ તા. ૦૬ નવેમ્બર, ૨૦૨૪ સુધી નિચે મુજબના વિવિધ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ઘોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કોઇ સાધન સાથે લઇ જવું નહી,

(૨) કોઇ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવું નહી,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી,

(૪) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી,

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી,

(૬) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહી.

આ હુકમ નીચે મુજબના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય,(૨) અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ,


(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ માટે ડાંગ જિલ્લામા ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીઓને, જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામા આવ્યા છે.

આ જાહેરનામુ આગામી તા. ૦૬/૧૧/૨૦૨૪ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમા રહેશે.

## ઇ-વેસ્ટ કલેક્શન અભિયાનને પોત્સાહક પ્રતિસાદને ધ્યાનમાં રાખીને એક દિવસ લંબાવવામાં આવ્યો

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,પ્રાદેશિક કચેરી,ગાંધીનગર. ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર મહાનગરપાલિકા અને ઈ-કોલી વેસ્ટ પ્રાઈવેટ લીમીટેડ,અમદાવાદ.સહયોગથી ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે.જેમા ગાંધીનગરજનોનો ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ઘણા નાગરિકોએ ઈ-વૅસ્ટ જમા કરાવ્યો છે. આ અભિયાનને શહેરીજનોનો પોત્સાહક પ્રતિસાદ સાપડી રહ્યો છે. સાથો સાથ ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ પણ સહયોગ સાંપડી રહ્યો છે. રવિવારે રજાનો



દિવસ હોવાથી અને દિવાળી સમય હોવાથી ઘરની સાફ સફાઈ દરમિયાન વધુ ઈ-વૅસ્ટ નીકળતો હોય છે તેમ કેટલાક પર્યાવરણ પ્રેમી જાગૃત લોકો અને સંસ્થાઓની લાગણી માંગણીને ધ્યાને લઈને.

ઈ-વૅસ્ટ કલેકશન અભિયાનને તારીખ ૨૭/૧૦/૨૦૨૪, રવિવાર સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧,ઘ-ટાઈપ ,સેક્ટર-૨૩,ગાંધીનગર ખાતે સ્વીકારવામાં આવશે. તેમજ જમા કરાવેલ ઈ-વેસ્ટનું નિયમ મુજબ ટોકન વળતર તથા પહોચ પણ આપવામાં આવશે.રવિયા

**તંત્રી સ્થાનેથી..**

# ચાલુ માસમાં દેશની વેપાર પ્રવૃત્તિમાં પ્રોત્સાહક સ્થિતિ

સપ્ટેમ્બરમાં સાધારણ મંદ પડયા બાદ ભારતની વેપાર પ્રવૃત્તિમાં ઓકટોબરમાં સાધારણ વૃદ્ધિ જોવા મળી રહી છે. ઉત્પાદન ક્ષેત્રમાં મજબૂત માગને પરિણામે વેપાર પ્રવૃત્તિમાં પ્રારંભિક અંદાજમાં વધારો જોવા મળ્યો છે. રોજગાર નિર્માણની ગતિ પણ ૨૦૦૬ના ફેબ્રુઆરી બાદ સૌથી ઊંચી જોવા મળી છે, એમ એક સર્વમાં જણાયું હતું.

એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલો વર્તમાન મહિના માટેનો એચએસબીસી સંયુકત પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) પ્રારંભિક અંદાજ પ્રમાણે ૫૮.૬૦ જોવાયો રહ્યો છે જે સપ્ટેમ્બરમાં દસ મહિનાની નીચી સપાટી સાથે ૫૮.૩૦ રહ્યો હતો. ૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. ઓકટોબરમાં સતત ૩૯માં મહિને સંયુકત ઈન્ડેકસ ૩૯ની ઉપર રહ્યો છે. જૂન ૨૦૧૩ બાદ આ પ્રથમ જ વખત એકધારું વિસ્તરણ જોવા મળી રહ્યું છે.

ઓકટોબરમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં ગતિ જોવા મળી રહી છે. છેલ્લા બે-ત્રણ મહિનામાં સતત મંદ રહ્યા બાદ ઓકટોબરમાં પીએમઆઈના કેટલાક ઘટકોમાં ગતિ આવી છે, એમ એચએસબીસી ખાતેના ઈકોનોમિસ્ટ પ્રાન્જુલ ભંડારીએ જણાવ્યું હતું.

ઘરઆંગણે તથા નિકાસ માટેના નવા ઓર્ડરો ઝડપથી વધ્યા છે જે વર્તમાન વર્ષના બાકીના સમય માટે ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓ માટે સ્થિતિ સારી રહેવાના સંકેત આપે છે.

# આહવા-ડાંગ આદિવાસી સમાજ માટે કરેલી ટિપ્પણીને લઈ લોકો માં ભારે રોષ..?



આહવા-ડાંગ

ડાંગ આહવાના જંગલમાં કપડા કાઢીને લૂંટી લે છે આ સંદર્ભ વિડિયો વાયર થતાં સોશિયલ મીડિયામાં પણ આદિવાસી લોકોએ ફિટકાર વરસાવી હતી અને સોશિયલ મીડિયામાં લોકોએ કહ્યુ હતું કે ડાંગ જિલ્લામા મોટેભાગે આદિવાસી પ્રજા વસવાટ કરે છે અને

ગામડાની આ ભલી ભોળી પ્રજા લોકોને કઈ રીતે લૂંટી શકે. જો ડાંગ જિલ્લામાં આ રીતે લૂંટ થતી હોય તો ગુજરાત તથા રાજ્ય બહારના પ્રવાસીઓ અહીં પ્રવાસનાં અર્થે આવતા ન હોય."

આવા અનેક સવાલ સાથે સોશિયલ મીડિયામાં લોકો પોતાનો રોષ હલાવતા જોવા મળ્યા હતા ત્યારે વધુમાં જણાયું કે,લોકસભાના દંડક, તેમજ સાંસદ વલસાડ-ડાંગ ના શ્રી ધવલભાઈ પટેલ એ આદિવાસી સમાજ કાયમ અતિથિઓનો આદર કરતું આવ્યું છે અને ડાંગ - આહવાની પોતાની આગવી મહેમાનગતિની સંસ્કૃતિ રહી છે, ત્યારે આ લોક કલાકારે ભોળા, સરળ અને પુરુષાર્થી આદિવાસીઓ માટે ઉચ્ચારેલા શબ્દો ખૂબ જ પીડા આપે તેવા છે. રાજભા ગઢવી તેમણે કરેલી ટિપ્પણી બદલ આદિવાસી સમાજની માફી માંગે તેવી માંગ સાથે હું તેમની ટિપ્પણીને વખોડું છું.

# દ્રઢ નિશ્ચય નું મહત્વ -સંત રાજીન્દર સિંહજી મહારાજ

જો આપણે આ સંસારમાં કોઈ લક્ષ્ય પામવા ઈચ્છીએ છીએ તો સફળતા નું રહસ્ય એ જ છે કે આંધી હોય કે વાવાઝોડું, આપણે આપણા લક્ષ્ય થી ધ્યાન ન હટાવવુ. આ દુનિયામાં રમત વિજ્ઞાન અને કળા વગેરેમાં સફળતા મેળવવા વાળા લોકો એ આપણે લક્ષ્યને પ્રતિ દ્રઢ નિશ્ચય રાખીને ચમત્કાર કરીને દેખાડ્યું છે.

આ દુનિયાના કોઈ પણ ક્ષેત્રમાં મહારત હાંસિલ કરવા માટે એક લગન ની આવશ્ય આવશ્યકતા હોય છે. આવી રીતે આપણે વિચારીએ કે પ્રભુને પામવા માટે કેટલા વધારે જનૂન ની આવશ્યકતા હશે.પ્રભુને પામવા નું જનુંન એક ભૂખ ની જેમ છે. આપણા અંદર પ્રભુની પામવાની ઈચ્છા તડપ અને લગ્ન નહીં હોય તો આ ઉદ્દેશોને આવી રીતે નહિ પામી શકીએ.

જો આપણા અંદર પ્રભુને પામવાની ચાહત તથા તડપ છે તો પ્રભુની દયા મેહેર થી આપણી આ તરસ જરૂર બુજાશે. સંત મહાપુરુષ આપણને સમજાવે છે કે આ ભૌતિક મંડળમાં આપણી તરસ પાણી અથવા શીતલ પીણાથી બુજાય છે પરંતુ આપણી આધ્યાત્મિક તરસ માત્ર પ્રભુના અમૃત ને પીવાથી બુજાય છે. પ્રભુની જ્યોતિ અને શ્રુતિ નુ મીઠું અમૃત જે આપણા અંતરમાં વહી રહ્યું છે, એ આપણા અને અધિક દયા પામવા માટે સંતો-મહાપુરુષો ના ચરણ- કમલ માં લઈ જાય છે. એ આપણને ધ્યાન અભ્યાસની કળા શીખવે છે જેનાથી આપણી આત્મા ને ઊભાર મળે છે. જો આપણે એમના માર્ગદર્શનમાં ધ્યાન-અભ્યાસ કરીએ છીએ તો આપણે પ્રભુ ના પ્રેમ થી તરબતર થઈ જઈએ છીએ. આ આપણા ધ્યાન ને લાંબા સમય સુધી એકાગ્ર રાખે છે, જેનાથી કે આપણા આધ્યાત્મિક ચેતનતાને પ્રાપ્ત કરી લઈએ છીએ.

સાંસારિક ઉપલબ્ધિઓ ની ઈચ્છા રાખવાથી અધિક પણ કંઈક બીજું છે. જો આપણા અંદર પ્રભુને પામવાનો નિશ્ચય હોય, તો આ આપણને પ્રભુની પાસે પરત લઈ જશે. આ દ્રઢ નિશ્ચય પૂરું કરવા માટે આપણે પ્રતિદિન ધ્યાન અભ્યાસમાં સમય આપીએ છીએ જેનાથી આપણે આપણા જીવનના મુખ્ય લક્ષ્ય પોતાની જાતને ઓળખવું અને પિતા પરમેશ્વર ને મેળવવું ને આ જીવનમાં જ પૂરું કરી લઈએ છીએ .

# હરણના શિંગડા ભારે પડશે તેવું સ્વપ્ને વિચાર્યું નહીં હોય.

રાજુ રદ્દી મેગ્નિફાઈંગ ગ્લાસ લઈને જેમ્સ બોન્ડ, શેરલોક હોમ્સ,કરમચંદ, વ્યોમકેશ બક્ષી જેવા જાનબાજ અને ચુનંદા જાસૂસની જેમ મારા ઘરમાં ગૈરકાયદેસર પ્રવેશ કરે છે. ( જો કે ,રોજ આવી રીતે મારા ઘરમાં પ્રવેશ કરે છે.)કાયદાની ભાષામાં અનઓથોરાઈઝડ ટ્રેસ પાસ કહેવાય.મારા ઘરના ડ્રોઈંગ રૂમ ,બેડ રૂમ,ડાઈનિંગ રૂમ, બાથારૂમ, વોશરૂમમાં,સીબીઆઈ, ઈડી, ઈન્કમટેકસની જેમ ઘરનો ખૂણો ખૂણો( ફિલ્મની ભાષામાં ચપ્પે ચપ્પા ) છાન મારે છે.

'રાજુ, આ બધું શું છે?મારી મંજૂરી વિના તું ઘરમાં કેવી રીતે સર્ચ કરે છે?'હું રાજુ પર બરાબર અકળાયો .

' મિ. ગિરધરલાલ તમારા ઘરમાં મૃગશિંગ છે? મને શકે છે!'રાજુએ પોલીસ ઓફિસર જેવા રૂઆબથી પૂછયું .

ફ રાજુ મારા ઘરમાં મૃગશિંગની કયાં માંડે છે? મારા ઘરમાં ખારી શિંગ નથી.'મેં રાજુને જવાબ આપ્યો.

'મિસ્ટર બી સિરિયસ.મને ઉડાઉ જવાબ પસંદ નથી.'રાજુની કડકાઈ ચાલુ રહી.

'ગિરંધરભાઈ, હાથી દાંત એવું કાંઈ ?' રાજુએ પોઈન્ટેડ સવાલ પૂછ્યો.

'રાજુ મારે દાંતનું ચોકઠું-ડેન્ચર છે. ચોકઠું રાખવું વન અધિનિયમ કે પ્રોટેકટેડ એનિમલ એકટ હેઠળ ગુનો હોય તો મારી ધરપકડ કરવાની છૂટ છે.' મેં રાજુને ગુસ્સામાં ચોપડાવ્યું.

' જુઓ ગિરધરભાઈ, આ તપાસ છે. તમારી બખડજંતર ચેનલ કે તમારી હાસ્યના નામે હાસ્યાસ્પદ લખવાની કોલમ નથી. મનફાવે એવા જવાબ હું નહીં ચલાવું.' આજે રાજુ ઉંદરની જેમ ખરલ ચાટી ગયો હોય તેમ કૂદાકૂદ કરતો હતો.

' તમારી પાસે વ્યાઘ્રચર્મ કે સિંહ ચર્મ એવું કાંઈ છે?' રાજુની નોનસ્ટોપ નોનસેન્સની માફક ચાલતી હતી . જેનો કોઈ અંત જણાતો ન હતો. તપાસ સિરિયલની માફક ખેંચાતી જતી હતી.

'રાજુ, ગરીબી , ફૂગાવો, બેકારી, મોંઘવારી , કમ્મરતોડ કરવેરાની લીધે અમારા ચામડા અર્થતંત્રની જેમ લબડી ગયા છે. ત્યાં વ્યાઘ્રચર્મની કયાં પતર ખાંડે છે?'હું કૌશિકમુનિ કે પરશુરામની જેમ ક્રોધથી આગબબુલા થઈ ગયો.કૃષ્ણ ભગવાને કુરુક્ષેત્રમાં અર્જુનને વિકરાળ વિશ્વ સ્વરૂપના દર્શન કરાવ્યા હતા અને અર્જુન કિંકર્તવ્ય દિંગ્મૂઢ થઈ ગયો હતો તેમ રાજુ મારા રૌદ્ર રૂપથી હકકોબકકો રહી ગયો .

'ગિરધરભાઈ ,જૂના જમાનાના મહેલ, કોઠી, બંગલાના દિવાનખંડમાં રાવ બહાદુર કરેલા શિકારના પુરાવા તરીકે સિંહ , સસલા, વાઘનું મસાલા ભરેલ મસ્તક દિવાલ પર ચિપકાવવાની ફેશન હતી.'રાજુએ જુના જમાનાની યાદ અપાવી.

' રાજુ ,રાજા-મહારાજા-નવાબો શિકારનો શોખ ધરાવતા હતા. એને શિકાર કહેવાય જ નહીં. એ લોકો માંચડા પર ચડી થ્રી નોટ થ્રીથી શિકાર કરતા હતા. કોઈ જાતના શૌર્યનું દર્શન-પ્રદર્શન નહીં. લોકો અવાજો કરીને વાઘ, સિંહ, હરણ , ચિંતા, દીપડાને મચાન તરફ ધકેલે . મચાન ઉપર બેઠા બેઠા બંદૂકડી ફોડીને પ્રાણીની હત્યા કરે. જેને શિકાર કહે. હકીકતમાં ગ્રિસમાં આખલા સાથે બથથમબથ કરવી કે ચેન્નાઈમાં જલીકટ્ટુમાં જીવ સટોસટ અને જીવલેણ રમતમાં ખરી મર્દાનગી છે. એમ તો અવધના નવાબ કૂકડા લડાવતા હતા. એમાં કોઈ ચાર્મ ન હતો.ક્યારેક પોલિટિકલ એજન્ટ કે બ્રિટિશર કલેક્ટરને રાજી રાખવા શિકારનો પોગરામ કરતા હતા .જેમ આજે ખેડૂતો કોઈની વાડીએ ભેગા મળી તુવેરઠોંઠા કે ભજિયાંની પાર્ટી ગોઠવે છે .' મેં રાજુને ગુજરા હુઆ જમાના યાદ કરાવ્યો .

'ગિરધરભાઈ ,રજવાડી કોટ અને બ્રિચીજ પહેરેલા રાજા,નવાબો વગેરે સિંહ , હરણના મસ્તક પર પગ ટેકવી એક હાથમાં જોટાળી રાખી બીજા હાથે મૂંછોને વળ ચડાવતા હોય તેવા ફોટા પડાવતા. તેના લાર્જ સાઈઝના ઓઈલ પેઈન્ટ દિવાલ પર ટાંગતા હતા.'રાજુએ કહ્યું.

'રાજુ, મારી પાસે ઘોડા-ગધેડા, સસલા-શિયાળના શિંગડા છે. વન ખાતું એને જપ્ત નહીં કરે ને?' મેં શંકા વ્યક્ત કરી.

'

ગિરધરભાઈ ,ફેંકવાની હદ હોય! હદ બહાર ફેંકવાનો એક જ વ્યકિતને અધિકાર છે. હું અલિગઢથી નથી આવ્યો .'રાજુએ લમણું તૂટે તેવો ટોન્ટ માર્યો. હમણા એક બનાવ બની ગયો.કોઈ એક ભાઈ ૧૯૭૫માં ગીરના જંગલમાંથી રોકડ અવેજ આપ્યા વિના નિર્દોષભાવે હરણના શિંગડા લઈ આવેલ.તંત્રની મીઠી નજર હેઠળ આનાથી વધુ કિંમતી વસ્તુઓ સગેવગે થતી રહે છે. પેલાએ હરણના શિંગડાની ટ્રોફી બનાવી ઘરમાં લટકાવેલી. કોઈ જાતના બનાવ વિના વર્ષો, દાયકા પસાર થઈ ગયા.કુંભકર્ણની જેમ ચિર ઘોર નિંદ્રામાં સૂતું વન તંત્ર એકાએક ઊંઘમાંથી જાગ્યું . ચરણ ચાંપી મૂંછ મરડી તંત્ર સફાળું જાગ્યું. માત્ર સુડતાળીસ વરસના ક્ષુલ્લક અને નગણ્ય વિલંબ બાદ વન તંત્રે એ શિંગડા જપ્ત કર્યા . પેલા માણસને વીસ હજાર દંડ કર્યો. જો કે ,તો પણ તંત્રનો આભાર માનવો રહે કે દંડનીય રકમ પર સાદુ વ્યાજ કે ચક્રવૃદ્ધિ વ્યાજ ન ફટકાર્યું નહીંતર બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી જેવો ઘાટ થાત. આમ તો કહેવાય છે કે ભેંસના શિંગડા ભેંસને ભારે. પરંતુ હરણના શિંગડા પેલા ભાઈને ભારે પડશે તેવું તેણે સ્વપ્ને વિચાર્યું નહીં હોય.

# ભૂત આદિવાસી કે હિન્દુ પરંપરા છે તેનો ફેંસલો ભૂતોને લેવા દો , પ્લીલીઈઈઝ !!!

સાલ્લું આ જગત એવું છે કે પગ એકીબેકી રમવા લાગે. ભયનું લખલખું નોટબંધીની માફક શરીરની હાલત પતલીથી પણ પતલી કરી નાંખે. દાંત કકડવા લાગે. આંખે અંધારા આવે. વર્ટીગો ન હોય તો પણ ચક્કર આવવા લાગે. પોતાનો પડછાયો ડ્રેકુલ્લાથી પણ હોરર લાગે!! પવનથી હલતા વૃક્ષો ફ્રેકસ્ટાઈન લાગે!!ધરતી ધણધણતા લાગે!!

ભૂતને એટીકેટ સાથે કોઈ નાહવાનિચાવવાનો સંબંધ ન હોય.એ કોઈ પણ એટીકેટ વિના સીધું સામે આવીને ઉભું રહે. તમે તેને ટ્રાફિકના રૂલ ફોલો ન કરવા ઈ ચલાન પણ ન કરી શકો!! એ ટ્રાફિક સિગ્નલના પોલ પર ચામાચિડીયાની જેમ ઉંધું લટક્યું હોય. તમારા ગળામાં શોષ પડે. તમે થૂંક પણ ગળે ન ઉતારી શકો. તમે ભૂત પિશાચ નિકટ નહીં આવે, મહાવીર જબ નામ સુનાવે એમ ડરના માર્યા ગાઈ રહ્યા હો અને પાકા સફરજનની જેમ તમારા ખોળામાં આવી પડે. બોસ!! તમે જઈજઈને કયાં જાવ?? ડરના મના નહીં હૈ, લેકિન ડરના જરૂરી હૈ!!

આપણે ઋુષિનું કૂળ, નદીનું કૂળ, સ્ત્રીની ઉંમર, પુરૂષની પગાર પૂછી શકતા ન હોઈએ તો ભૂત ભાઈને તમે કડવા કે લેઉવા, ચાલીસ ગોળ કે ખાખરીયા ખોળ એમ પૂંછી શકતા નથી. ગમે તેવું વિદ્વાન દેખાતું હોય તો તે ઔદીચ્ય સહસ્ત્ર કે વડનગરા નાગર એમ પણ પૂછી શકતા નથી. ભૂત સમાજમાં શેડયુલ કાસ્ટ, શેડયુલ ટ્રાઈબ, સામાજિક અને શૈક્ષણિક પછાત, આર્થિક પછાત, થર્ડ જેન્ડર( એલજીબીટી) કેટેગરી હોય કે નહીં તેવો મનમાં પ્રામાણિક પ્રશ્ન ઉભો રહ્યો છે. તેને પૂછવાની હિંમત નથી!! આ બાબતે અમે નાહિંમત છીએ!!

માણસોની વસ્તીની ગણતરી દર દસ વરસે થાય છે. પણ ભૂતસમાજની વસ્તીની ગણતરી કેમ થતી નહીં હોય?? એંસીના દાયકામાં ભૂતોની બેરોજગારીનો દર કયા કારણે નીચો ગયેલો તેનો સંશોધનાત્મક અહેવાલ યુનિવર્સિટી કેમ પ્રગટ કરતી નહીં હોય?( આમ, તો યુનિવર્સિટી પીએચડીના ભૂતિયા થિસીસો મોટી સંખ્યામાં બહાર પાડે છે!!) ભૂત સમાજમાં આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા પર ઉપરછલ્લું અને છબછબિયું ચિંતન શા માટે થતું નથી?? ચૂડેલ અને ડાકણ વચ્ચેની મહત્વની સામ્યતા અને તફાવતના લઘુ શોધ નિબંધ માટે સ્કોલર ભૂતને સ્ટાઈપેન્ડ મળે છે કે કેમ તે પણ અગત્યના પ્રશ્નો છે!!

ભૂત સમાજ માટે અતીતમાં ન થયા હોય તેવા રહેઠાણના પ્રશ્નો ઉપસ્થિત થયા છે. માનવો તેના અનિકેત પર ભયંકર અતિક્રમણ કરી રહ્યા છે.,એક જમાનામાં સ્મશાન, કબ્રસ્તાન રહેણાકથી દૂર હતા. ખીજડો-શાલ્મલિ વૃક્ષ, પીપળો, આંબલી ભૂત સમાજના સત્તાવાર અધિકૃત આશિયાના હતા!! માણસે દબાણ કરવાનું શરૂ કર્યું.મુકતિધામ કે સ્મશાન ગામ-વચ્ચોવચ આવી ગયા. સાલ્લી ભૂતોને પણ પ્રાઈવસી હોય કે નહીં?? એક સમયે ભૂતોનું નિવાસ સ્થાન ગણાતુ આંબલી-બેબસ માનવોની ભીડથી ઉભરાય છે!! ભૂતો માટે પણ મુખ્યમંત્રી ભૂત-પલિત રહેઠાણ યોજના કે પ્રધાનમંત્રી ભૂતોની યોજના ( આ પ્રકારની આવાસ યોજનામાં ધોળો દિવસે ખુદ ભૂત ડરી જાય તેવા પંચ મહાભૂત રહે છે!!!ભૂતો વચ્ચેની ભૂતિયા અથડામણમાં ઘાયલ ભૂતોને સારવાર પાડે મેડિકલ યોજના પણ નથી તે કેટલું ખરાબ કહેવાય!!

ભૂતો શું પીતા હશે એ કરતાં શું ખાતા હશે? એ સવાલ અગત્યનો છે.મારા ઘરે સાલ્લા ભૂતો રાતે બે વાગ્યે વાસણો ખખડાવતા હોય છે, ફ્રીઝ થોકબંધ કરતા હોય છે. અમારા ઘરનો રુલ છે કે વાસી વધે નહીં અને કુતા ( કુતામાં બાહ્ય અને આંતરિક ભેદ કરવો નહીં. એ ક્રિયા-પ્રક્રિયા પાણી વલોવવા સમાન બની રહેશે. પછી અમને કહેતા નહીં!!)ખાય નહીં તો પછી ભૂંડા ભૂતડા તું શું ખાક ખાવાનું પામવાનો છે??ઉંદરડા પણ મનેકમને જૈનોની જેમ ફરજિયાત સંથારો સિઝાવીને મોળ-નિર્વાણ પ્રાપ્ત કરે છે!!ભૂતોને પણ પેલા એસી કરોડ લોકોને ફ્રી રેશન યોજનાનું અનાજ ડીબીટીથી એના ઉદરમાં ટ્રાન્સફર થઈ જાય તેવું ગોઠવવું પડશે. કદાચ ભૂતોના અસલી મતો મળે તો આપણે ભૂતિયા - બોગસ મતો માટે અબજોનો કરવો પડતો ખર્ચ નિવારી આપણા ઘરભેગો કરી શકાય. એમ તો ભૂતોને કડિયા નાકે પાંચ રૂપિયામાં અન્નપૂર્ણા યોજના હેઠળ જમવાનું આપવાની અરિપકવ અને અપુખ્ત વિચારણા કરી શકાય!!ભૂતોને ફ્રી રેશન આપશું તો આંગળી આપોને પ્હોંચો પકડે તેમ ભૂતો ઉજજવલા યોજના હેઠળ ગેસનો ચૂલો અને સિલિન્ડર પણ માંગશે .એનો વાંધો નહીં.થોડા ભૂતિયા સ્ટવ -બાટલા અસલી ભૂતોને કારણે વધશે!!!

આમ તો, માનવ વસવાટની શરૂઆત કાળથી ભૂતોનું અસ્તિત્વ હશે તેમ માની લઈએ !!કૂતરાની જેમ ભૂતોની બાઉન્ડરી ફિકસ હશે કે સબ ભૂમિ ભૂત-પલિત કી એવી વ્યવસ્થા સુનિશ્ચત હશે?? પરદેશી ભૂતને બીજા દેશમાં જવા માટે પાસપોર્ટ -વિઝાની જરૂર પડે ખરી? એનઆરઆઈ ભૂત હોય??

આમ તો ,ભૂત એટલે ભૂત.તેમાં પારસી, જૈન, કાયસ્થ, બંગાળી એવા પ્રકારો હશે કે કેમ તેની એટલિસ્ટ અમને ખબર નથી!! તમને ખબર હોય તો જણાવજો.પણ સાંભળ્યું છે કે ભૂત, પલિત ખવી( માથા વગરનું ભૂત), ચૂડેલ, ડાકણ , મામો, જીનાત વગેરે પેટા પ્રકારો છે!' આમ, તો ભૂત સમાજ સવર્ણ, અવર્ણ, દ્રવિડ સમાજના સભ્યો નથી. ભૂતો વણઝારા જેમ વિમુક્ત અને વિચરતી જાતિના સભ્યો છે!! સિંગલ એન્જિન કે ડબલ એન્જિનની કોઈ પણ સરકારે સરકારી નોકરીમાં ભૂતો માટે રિઝર્વેશન રાખ્યું નથી, કેમ કે સરકારી નોકરી કરતા બધા બાબુઓ ભૂતથી કમ હોતા નથી!!

વિદેશી ફિલ્મ સર્જકો હોરર ફિલ્મમાં ભૂતોનું ફિલિમીકવ વગર ચોમાસે નાના-મોટા ચોમાસા થઈ જાય તેવું કરે છે. ડ્રેકુલા ફિલ્મ સિનેમાઘરમાં એકલા જોનાર પ્રેંક્ષકને ઈનાન આપવાની જાહેરાત થયેલી. ઈનામ લેવાની લાલચે બેએક પ્રેક્ષકોએ હિંમત કરેલી, પણ ભૂતોની સંખ્યામાં વધારો કરેલ !!!રામસે બ્રધર કે રોહિત શેટ્ટી ભૂતોનું ફિલ્માંકન ભૂતોની પ્રતિભાને અનુરૂપ કરતા નથી. જેને લીધે ભૂત ભયંકર , ભયાવહ કે ખુંખાર વિલન અજીત-અમરીશ પુરીને બદલ્ જોની લિવર કે અસરાની જેવા લાગે છે, જેનાથી ભૂતના બાળકો પણ ભૂતથી ડરતાં નથી. જો કે, ભૂતનાથ, ભૂતનાથ રિટર્નસ-૨ અને ૨ માં ભૂતને દાદા જેવું પ્રેમાળ દેખાડીને ભૂતની પરંપરાગત માન્યતા પર ભૂતાધાત કર્યો છે!!

હમણા દક્ષિણ ભારતના ફિલ્મ નિર્દેશક અને એકટર ભૂતના અસ્તિત્ વઅંગે બાખડી પડયા.

કન્નડ ફિલ્મ 'કાંતારા'પોતાના બોક્સ ઓફીસ કલેક્શનથી દુનિયાભરમાં લોકપ્રિયતા હાંસલ કરી રહી છે. જો કે, ફિલ્મનો લીડ એક્ટર-ડિરેક્ટર ચેતનકુમાર-રિષભ શેટ્ટીને હવે વિવાદોમાં ફસાવવામાં આવી રહ્યો છે. આમાં કોઈ શંકા નથી કે, 'કાંતારા' પોતાના યૂનિક કન્ટેન્ટનાં કારણે લોકોને થિયેટરો સુધી ખેંચી રહી છે. તેમજ, આના સ્ટાર કાસ્ટનું પર્ફોર્મન્સ પણ પ્રશંસાપાત્ર છે, તો પણ કેટલાક લોકો આમાં દર્શાવવામાં આવેલી ભૂત કળા પરંપરાને હિન્દુ સંસ્કૃતિથી જોડવું યોગ્ય નથી માની રહ્યા.

ચેતનની દલીલ અનુસાર ભૂત કલા એક આદિવાસી પરંપરા છે અને તેને હિંદુ બ્રાહ્મણવાદી પરંપરા સાથે જોડી શકાય નહીં. કર્ણાટકમાં આ મુદ્દે ભારે વિવાદ જાગ્યો છે. લોકો અલગ અલગ મંતવ્યો સાથે દલીલો કરી રહ્યા છે અને તેમાં ફિલ્મ જગતના કલાકારો, બૌદ્ધિકો, ધર્મગુરૂઓ તથા સમાજ શાસ્ત્રીઓ પણ જોડાયા છે. આ મુદ્દે કર્ણાટકના શેશાદ્રીપુરમ પોલીસ મથકે ચેતન કુમાર સામે ધાર્મિક લાગણી દૂભવ્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફિલ્મને લઈને વિવાદ રિષભ શેટ્ટીના એક નિવેદન પછી શરૂ થયો છે. હાલમાં જ ફિલ્મના નિર્દેશકનો એક નવો વીડિયો સામે આવ્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભૂત કળા પરંપરા હિન્દુ સંસ્કૃતિનો એક ભાગ છે. પંજુરલીના વિશે પૂછવામાં આવતા 'કાંતારા' એક્ટરે તમિલ ચેનલ સિનેમા વિકટનને કહ્યું કે, 'તે દેવતા, તે બધા આપણી પરંપરાનો એક ભાગ છે. નિશ્ચિત રૂપથી, આ હિન્દુા સંસ્કૃતિ અને હિન્દુ રીતિ-રિવાજોનો ભાગ છે. કેમ કે, હું એક હિન્દુ છું, મને પોતાના ધર્મમાં વિશ્વાસ અને સન્માન છે, પણ હું આ નહીં કહીશ કે, બીજા ખોટા છે. અમે જે કહ્યું છે, તે એવા તત્વના માધ્યમથી છે, જે હિન્દુ ધર્મમાં ઉપસ્થિત છે.

જો કે, રિષભ શેટ્ટીના આ દાવોથી એક નેટીઝને અસહમતી વ્યક્ત કરી અને ત્યાર બાદ કન્નડ સ્ટારના પ્રેક્ષકોએ તે યુઝરના વિરુદ્ધ બોલવાનું શરૂ કર્યું અને એક્ટરનું સમર્થન કર્યું. એક્ટર અને કાર્યકર્તા ચેતન કુમાર અહિંસાએ કહ્યું કે, 'ખુશી છે કે, અમારી કન્નડ ફિલ્મ 'કાંતારા' નેશનલ વેબ બની રહી છે. નિર્દેશક રિષભ શેટ્ટીનો દાવો છે કે, ભૂત કોલા 'હિન્દુ સંસ્કૃતિ' છે, ખોટું છે આપણી પંબાડા/નાલિક/પરાવાની બહુજન પરંપરાઓ વૈદિક-બ્રામ્હણવાદી હિન્દુ ધર્મથી પહેલાની છે. અમે જાણવા ઈચ્છીએ છીએ મૂળ નિવાસી સંસ્કૃતિઓને ઓન અને ઓફ સ્ક્રીન પર સત્ય બતાવવામાં આવે. તેમના આ ટ્વીટથી તમામ લોકો એગ્રી નથીઃ ચેતનના ટ્વીટ પર પ્રતિક્રિયા આપતા એક યૂઝરે લખ્યું કે, 'તમને આ વિશેમાં કોઈ માહિતી નથી. બ્રામ્હણ/મંગલોરિયન હોવાના સંબંધમાં, હું અને મારો પરિવાર દૈવ અને ભૂતની પૂજા કરે છે અને અમારી પરંપરાઓ અને રીતિ-રિવાજોનું પાલન કરીએ છીએ. બ્રાહ્મણ અને દેવ સાથે સંબંધિત કંઈ પણ નથી.'એક યૂઝરે કહ્યું કે, 'ભૂત કળા મારા સમુદાય અને સંસ્કૃતિનો ભાગ છે. અમારા કુળદેવતા, ગ્રામદેવતા અને વ્યક્તિગત ઈષ્ટ દેવતાઓના વ્યતિરિક્ત અમારા ભૂત છે. આ કહેવું કે, ભૂત ગેર-હિન્દુ છે, હાસ્યાપદ છે. ખુશી છે કે, અનુષ્ઠાનોને આટલી સુંદરતાથી પ્રદર્શિત કરે છે.'

કહે છે કે ભૂતમાં ત્રણ મહાભૂત હોય છે. જયારે માનવી પંચમહાભૂતન બનેલો હોય છે.ભૂત કંઈ સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે તે મામલે કન્નડ ફિલ્મ ઉધોગ વિભાજિત થઈ ગયેલ છે. ભૂતોના મામલે આપણે શું કામ ટાંગ અડાડવી જોંઈએ? ભૂતોને જાતે નક્કી કરવા દો કે ભૂત આદિવાસી પરંપરા છે કે હિન્દુ પરંપરા?? ભૂતમત સંદેહ કે લોટરીની ડ્રોથી નક્કી કરી નાંથો. કિંગ ક્રોસ કરો. પણ મહેરબાની કરીને શોલે ફિલ્મ જેવો બંને બાજુ કિંગ કે ક્રોસ હોય તેવો સિક્કો વાપરતા નહીં!!'

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 169**
વિષય - મનગમતી રચના
શીર્ષક -સાંજ શણગારીએ

ચાલો સાજન! જીવનસંધ્યા આજ સજાવી લઈએ, સંજોગો સંગ જીવી વર્તમાન શણગારી દઈએ.

સૌ સાથે હળીમળી, સાચી મૂડીને સાચવી લઈએ,
ઋણાનુબંધ થકી સૌ મળ્યા, હેતે જીવી લઈએ.

આથમતા અજવાસમાં સાચા મોતીડાં વીણી લઈએ,
સંધ્યાના પાલવે સંતાતો ઓલો સૂરજ નીરખી લઈએ.

પ્રિયે! સાથે બેસીને જિંદગીનું સરવૈયું માંડીએ,
સુખનો સરવાળો ને દુઃખની બાદબાકી કરીએ.

તણખલું તણખલું ભેગું કરી ગુથેલ માળો સજાવીએ,
રૂડો જીવનબાગ મહેંકાવી સાંજ શણગારીએ.

લતાબેન ચૌહાણ.. "સોનાવેલ".. ગોધરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG. SS No: 370**
વિષય : મનગમતી રચના.
શીર્ષક : '. મહેફિલ માણતાં '
પ્રકાર : પદ્ય, શબ્દ : ૭૯

★મહેફિલ માણતાં★

ચહુઓર છે શોરબકોર જિંદગીનો ભારે,
એકાંત મહી અંતરખોજ આત્મની આ મહેફિલ માણતા.

આશા, નિરાશા,મોહ,માયા વ્યાપી અહીં,
સત્ય અસત્યની છે આ લડાઈ આ મહેફિલ માણતા.

શબ્દોનું જાદુ વિખેરાય અહીં ચારેકોર,
મૌન તણી ભાષા પણ છવાય આ મહેફિલ માણતાં.

નથી ચાહત કદી શતાયુની અમોને ,
સન્માનજનક મળે મૃત્યુ આ મહેફિલ માણતાં.

ક્યાં સુધી અટવાશું આ જીવનચક્રમાં?
જન્મો જનમની પીડ ભાંગે આ મહેફિલ માણતાં.

ગમા અણગમા ની સરહદ કરી પાર,
ગીતડાં અન્યના આતમને ઠારે આ મહેફિલ માણતાં.

ચંદન સોલંકી "મહેક "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S SNO 163**
શબ્દ:૯૦
પ્રકાર:પદ્ય ચિંતન રચના

★કોને ખબર..!★

દુનિયામાં યુદ્ધ ચાલે ઠેર ઠેર,
માણસ મરતા મચ્છર જેમ..
આતંકવાદે માઝા મૂકી બસ,
અંત ક્યારે એનો! કોને ખબર..!

સત્તાની લાલચ આંધળી દોટ,
ગેર માર્ગે દોરાય કાચા કાન..
મતિ જન મનની થઈ છે ભ્રષ્ટ,
ક્યારે પલટાય પાસુ! કોને ખબર..!

જ્યાં જોઈએ ત્યાં ઝૂઠ ફરેબ,
સિદ્ધિ માંગે જન મહેનત વગર..
જાન હાનિ કરે રૂપિયા ખાતર,
ક્યારે બદલાશે ધૃષ્ટતા આ કોનેખબર..!

સંસ્કાર મૂકાયા બાજુ પર,
ઉભા થયા છે હીન ભાવ..
પોતે જ શ્રેષ્ઠ દેખાડે દંભ,
ક્યાં જઈ એ અટકશે કોને ખબર..!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 373**
: વિષય :- મનગમતી રચના
શીર્ષક :- દિવાળી
પ્રકાર :- પદ્ય
શબ્દો :- ૭૦

દિવાળી આવી

દિવાળી આવી દિવાળી આવી...

સંગે ખુશીઓ અનેક લાવી,
મેવા અને મીઠાઈઓ બનાવી.

દિવાળી આવી દિવાળી આવી...

ઘરને સુંદર શણગાર સજાવી,
રંગોળીથી ઘર આંગન ચમકાવી.

દિવાળી આવી દિવાળી આવી...

દીવાની સુંગધથી ઘર મહેકાવી,
સહુના દુઃખોને બહુ દૂર ભગાવી.

દિવાળી આવી દિવાળી આવી...

અનેક તહેવારો સંગ લઈ આવી,
રજાઓમાં મજાનો આનંદ લૂંટાવી.

દિવાળી આવી દિવાળી આવી...

સૌની સારી બાબતોને અપનાવી,
પ્રભુને આ નિજ હદયમાં સમાવી.

દિવાળી આવી દિવાળી આવી...

રૂપલ દવે "રૂપ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:201**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ★ વિચાર શકિતનું સ્વરૂપ★
પ્રકાર :ગદ્ય શબ્દોઃ૨૩૨

કુદરતે માનવીને અવલોકન અને વિચાર કરવાની અદ્ભુત ભેટ આપી છે. વિચાર એ શક્તિ છે. આ વિચારશક્તિનો ઉપયોગ કરી માનવ અવનવાં સંશોધનો કરે છે. આ દુનિયામાં અલભ્ય અને દુર્લભ શોધોનાં પાયામાં વિચાર અને અવલોકન શકિત મૂળભૂત છે. માનવ શ્રેષ્ઠ વિચાર થકી જ માનવમાંથી મહામાનવ બનવાની યાત્રા શરૂ કરે છે. એટલું જ નહીં આ ધરતી પર ધર્મગુરુઓ દ્વારા આવિષ્કાર પામેલાં વેદો,ઋચાઓ, સંહિતાઓ, ધર્મગ્રંથો, સાર કથાઓ, રામાયણ, મહાભારત, શિવપુરાણ જેવાં મહાન ગ્રંથો પાછળ વિચાર જ મૂળભૂત તત્વ છે.

ખરેખર તો માનવમનમાં અનેકો વિચાર પ્રતિપળ ઉદભવતાં જ હોય છે. ઘણાં વિચાર જિજ્ઞાસા પ્રેરે છે તો કોઈક આ પૃથ્વી, જળ, અગ્નિ વિગેરે પંચતત્વથી બનેલા દેહની કાર્ય પ્રણાલી વિશે વિચાર કરે છે. એનાથી આગળ વધી સમસ્ત બ્રહ્માંડ અને ગ્રહોનાં ગૂઢ રહસ્યોને જાણવાનો, સમજવાનો સતત પ્રયત્ન એ વિચારનું જ કાર્ય છે.

વિચાર દ્વારા જ માનવ સુખ -દુઃખનું સરવૈયું કાઢે છે.વિચાર એક રીતે કહી શકીએ તો સુષુપ્ત સંજીવની છે જે માનવ મનની ભીતરમાં રહી અનેક જટિલ અને કઠિન કાર્યોનાં ઉકેલ બતાવે છે. આ દુનિયામાં જેટલી પણ ભૌતિક સુવિધાઓ અને સૂક્ષ્મ જગતની શોધો થઈ છે એ બધી જ વિચારોથી શક્ય બની.

હવે વિચાર કરી જુઓ કે વિચારોમાં કેટલી તાકાત અને સંભાવનાઓ રહેલી છે. લેખકો માટે તો વિચાર પ્રાણવાયુ સમાન છે. વિચાર થકી જ એક લેખક કે કવિ પોતાનાં લેખમાં પ્રાણ પૂરી ધારદાર બનાવી શકે છે. વિચારથી જ કવિ કલ્પના વિહાર કરી અદ્ભુત રચનાઓ લખી શકે છે.

હા, એક વાત નક્કી છે
વિચારોથી જ જીવન સબરસ છે.
વિચારો વગરનું જીવન નિરસ છે.

??પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષય :- મનગમતી રચના
શીર્ષક :- તમે જાણો છો ?
પ્રકાર :- પદ્ય શબ્દોઃ- ૮૯

માણી શકો તો માણો મૌનને તમે મનવા.!
જાણી શકો તો જાણો તમો કોણ છો મનવા?

જાતને જીત્યા વિના જગતને શુ જીતવાના.!
ખુદમાં ખુદા પડ્યો છે, તમે જાણો છો મનવા?

મનને માણ્યા વિના તમે માધવ શુ માણવાના.!
સંયમ થી સઘળુ મળશે, તમે જાણો છો મનવા?

આપવુ લેવુ એ દુનીયાદારી તમે શુ આપવાના.!
જીવન ચલાવે ભગવાન, તમે જાણો છો મનવા?

પત્રમ,પુષ્પમ,ફલં,તોયં તમે પ્રભુને શુ ધરવાના.!
મય્યાવેશ્ય મનો યે મામ્ , તમે જાણો છો મનવા?

"અમૃત" હશે ત્યાં જગતના મૃત શુ કરવાના.!
અમરત્વ અર્પતા અવિનાશીને જાણો છો મનવા?

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS . 352**
વિષય : મનપસંદ રચનાં
શીર્ષક : પ્રકાશ
શબ્દો :.૨૪૭ પ્રકાર;- ગદ્ય.

પ્રકાશ

દિવાળી એટલે રોશનીથી ઝળહળતો તહેવાર. દીપોત્સવીના તહેવારમાં દીપમાળાના તેજમાં વિજયને વધવાય છે. આ પ્રકાશ પર્વે નવવર્ષનું સ્વાગત કરે છે. રોશનીના આમતો ઘણા નામ. ઉજાસ ,પ્રકાશ ,તેજ, જ્યોતિ જેટલા એમના નામ એટલા એમના વાહકો.

મીણબત્તી ,લાઈટ ,લેમ્પ, દીવડો વગેરે. એક પ્રકાશની શેરથી અંધકારનું સામ્રાજ્ય નાબૂદ થાય,એજ રીતે એકાદ આધ્યાત્મિક સૂત્રથી અનેક જન્મોના અંધકારનો ,અજ્ઞાનનો પણ નાશ થાય છે. માણસના શરીરની જન્મથી મૃત્યુ સુધીની યાત્રામાં દરેક તબક્કે પ્રકાશ જરૂરી છે અને મન - આત્માની યાત્રામાં તો બહુ જરૂરી છે ઊજાસ. ગીતામાં કૃષ્ણે કીધું છે કે "સૂર્ય ચંદ્રમા પ્રકાશ હું છું."

ભારતીય દર્શનમાં ઉજાસને ,પ્રકાશને સ્વયં પરમતત્વ ઈશ્વરનું સ્વરૂપ ગણવામાં આવ્યું છે. કદાચ એજ કારણ છે કે ભગવાનને દરેક ઉપાસના પદ્ધતિમાં પ્રકાશની હાજરી કોઈ પણ સ્વરૂપે હોય છે. મંદિરમાં દિપક, યજ્ઞમાં અગ્નિ, એ પ્રકાશના પ્રતીકો છે. તો જન્મથી મૃત્યુ સુધીની શરીરની યાત્રામાં પણ રોશનીના અનેક વાહકોની જરૂર પડે છે. ભારતીય પરંપરા મુજબ ૧૬ સંસ્કારોમાં પણ પ્રકાશ, તેજની હાજરી હોય છે. અંતિમ સંસ્કારમાં પણ પંચમહાભૂતમાં વિલીન કરવા માટે પણ પ્રકાશરૂપે અગ્નિની જરૂર પડે છે. મતલબ કે શરીર અને આત્માની યાત્રા પ્રકાશની સાથે સાથે વિકસે છે અને પ્રકાશ સાથેજ પૂરી થાય છે. દીપ પ્રાગટ્ય કે ડેકોરેટિવ લાઈટોથી ઘર ,શેરી,શહેર, કે ગામને રોશન કરવાથી લઈને આંતરિક ઉજાસ મેળવવા સુધીની યાત્રાના સૌનું નામ છે દિવાળી. ભારતી ફિલોસોફીનો આધાર જ અંધકારથી પ્રકાશ તરફ જવાની યાત્રા ઉપર નિર્ભર છે. જ્ઞાનની જ્યોતિ ઝીલવા માટે પણ પહેલા માટીનું કોડિયું થવું પડે.આપણી અંદરનું અંધારું ફૂંક બનીને જ્યોતિ ન બૂઝાવી નાંખે તો ઊંડા અંધારેથી પરમ તેજની યાત્રા ચાલુ રહે છે. ને એ જ ઉત્સવ તે દિવાળી.

શોભના ભટ્ટ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરના રોજ અમરેલી ખાતે ?૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે

★ગાંધીનગર, ૨૫ ઓક્ટોબરઃ★ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરના રોજ ગુજરાત આવી રહ્યા છે. તેમના આગામી ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ અમરેલી જિલ્લા ખાતે ?૪૮૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ ૧૬૦૦ જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ?૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડિયો નદી પર ?૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ, જળસંચય વિભાગ હેઠળ ?૨૦ કરોડના પિટ રિચાર્જ, બોર રિચાર્જ, અને કૂવા રિચાર્જના ૧૦૦૦ કામોનું ખાતમુહુર્ત અને ૫૯૦ કામોનું લોકાર્પણ પણ કરશે. વડાપ્રધાનશ્રી ?૨૮૦૦ કરોડથી વધુના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયા (દ્નૐછૈં) ના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. વધુમાં, ?૧૦૯૪ કરોડના ખર્ચે રેલવે વિભાગ હેઠળ ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કરશે.

★પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત★

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરે અમરેલી જિલ્લા ખાતેથી ?૭૦૫ કરોડના પાણી પુરવઠા વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં ?૧૧૨ કરોડના કાર્યોનું ખાતમુહુર્ત અને ?૬૪૪ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોમાં બોટાદ જિલ્લા માટે નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈનનું લોકાર્પણ તેમજ ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની પસવી જૂથ ઓગમેન્ટેશન પાણી પુરવઠા યોજના ભાગ-૨ના કામોના ખાતમુહુર્તનો સમાવેશ થાય છે.

નાવડાથી ચાવંડ બલ્ક પાઈપલાઈન પ્રોજેક્ટના પૂર્ણ થવાથી બોટાદ, અમરેલી, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાના ૧૨૯૮ ગામો અને ૩૬ શહેરોના લગભગ ૬૭ લાખ લાભાર્થીઓને વધારાનું ૨૮ કરોડ લીટર પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે, ભાવનગર જિલ્લામાં પીવાના પાણી માટેની સ્કીમો હેઠળ જિલ્લાના મહુવા, તળાજા અને પાલીતાણા તાલુકાના ૯૫ ગામોને આવરી લેવામાં આવ્યા છે, જેની વસ્તી લગભગ ૨.૭૫ લાખ લોકોની છે.

★?૩૫ કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ★

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (ઁઁઁ) મોડલ અન્વયે ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ?૩૫ કરોડના ખર્ચે લાઠીના દુધાળા ખાતે હેતની હવેલી પાસે ભારતમાતા સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. વોટરશેડ ડિપાર્ટમેન્ટ હસ્તકના ૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહશક્તિ ધરાવતા ચેકડેમને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ઊંડો કરવામાં આવ્યો છે, તેની પહોળાઈ પણ વધારવામાં આવી છે, અને ચેકડેમની બંને બાજુએ માટી નાખીને તેની મજબૂતાઈમાં વધારો કરવામાં આવ્યો છે. તેના પરિણામે ચેકડેમની પાણીની સંગ્રહશક્તિમાં ૨૦ કરોડ લીટરનો વધારો થયો છે. આ ચેકડેમને ભારતમાતા સરોવર નામ આપવામાં આવ્યું છે, અને હાલ ભારતમાતા સરોવરમાં અંદાજે ૨૪.૫૦ કરોડ લીટર પાણીનો સંગ્રહ થયો છે. તેના કારણે આજુબાજુના ખેતરમાં આવેલા બોર તેમજ કૂવાના પાણીના સ્તરમાં વધારો થયો છે, જેના લીધે આસપાસના ગામોમાં પાણીની સગવડ થઈ છે, અને ગામના ખેડૂતોને સિંચાઈ માટે પરોક્ષ રીતે લાભ મળ્યો છે.

★?૨૮૦૦ કરોડથી વધુના દ્નૐછૈંના વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત★

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરના રોજ અમરેલી ખાતે ?૨૮૧૧ કરોડના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયા (દ્નૐછૈં)ના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં ?૨૧૮૫ કરોડના ૪ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ?૬૨૬ કરોડના એક વિકાસકાર્યનું ખાતમુહુર્ત કરવામાં આવશે.

દ્નૐછૈંના લોકાર્પણના ૪ વિકાસકાર્યોમાં ?૭૬૮ કરોડના ખર્ચે દ્નૐ ૧૫૧છના ધ્રોળ-ભાદરા-પાટિયા સેક્શન અને ભાદરા પાટિયા – પિપળિયા સેક્શનનું ચારમાર્ગીયકરણ, ?૧૦૨૫ કરોડના ખર્ચે દ્નૐ ૧૫૧છના દ્વારકા-ખંભાળિયા-દેવરિયા સેક્શન- ૨૦૩ કિમીથી ૧૭૬ કિમી અને ૧૭૧ કિમીથી ૧૨૫ કિમી સેક્શનનું ચારમાર્ગીયકરણ, ?૧૩૬ કરોડના ખર્ચે દ્નૐ ૫૧ના માધવપુરથી પોરબંદર સેક્શન (૩૩૮ કિમીથી ૩૭૯ કિમી)નું ચારમાર્ગીયકરણ અને ?૨૫૬ કરોડના ખર્ચે દ્નૐ ૧૫૧ ના જેતપુર-સોમનાથ સેક્શનના ચારમાર્ગીયકરણ પર જૂનાગઢ બાયપાસ સહિતના બાકી કામોના બાંધકામનો સમાવેશ થાય છે. આ સાથે જ ?૬૨૬ કરોડના ખર્ચે જામનગર જિલ્લાના ધ્રોળ બાયપાસથી મોરબી જિલ્લાના આમરણ સુધીના ખૂટતા સેક્શનના ચારમાર્ગીયકરણના કામનું ખાતમુહુર્ત પણ કરવામાં આવશે.

★?૧૦૯૪ કરોડના ખર્ચે ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું લોકાર્પણ★

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૮ ઓક્ટોબરે ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ દેશને સમર્પિત કરશે. ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ ?૧૦૯૪ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યો છે. આ સેક્શનમાં ૨૪ મેજર અને ૨૫૪ માઈનર બ્રિજ સામેલ છે, તેમજ ૩ રોડ ઓવરબ્રિજ અને ૩૦ રોડ અંડરબ્રિજનો પણ આ પ્રોજેક્ટમાં સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ ખૂબ જ ફાયદાકારક છે, જે રાજ્યના કચ્છ જિલ્લાના સામાજિક-આર્થિક વિકાસને વેગ આપશે.

આ સાથે જ વડાપ્રધાનશ્રી પ્રવાસન સંબંધિત ?૨૦૦ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત પણ કરશે, જે હેઠળ ગુજરાતના પોરબંદર જિલ્લાના મોકરસગાર ખાતે કર્લી રિચાર્જ જળાશયનો વિશ્વસ્તરીય સસ્ટેનેબલ ઈકોટુરિઝમ તરીકે વિકાસ કરવામાં આવશે. આમ, વડાપ્રધાનશ્રી આગામી દિવાળી અને ગુજરાતી નવ વર્ષ પહેલા ગુજરાતના નાગરિકો માટે કરોડોના વિકાસકાર્યોની ભેટ લઈને આવશે.

# પોલીસ અધિકારી-કર્મચારીઓ માટે પોલીસ ભવન ખાતે બે દિવસીય નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું સફળ આયોજન



પોલીસ મહાનિદેશકની કચેરી ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારી કર્મચારીઓ માટે પોલીસ ભવન ખાતે બે દિવસીય નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદઘાટન રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૪૦૦ જેટલા પોલીસ અધિકારી કર્મચારીઓએ પોતાના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે વિવિધ મેડિકલ ટેસ્ટ કરાવ્યા હતા.

ગુજરાત પોલીસ સેવામાં ફરજ બજાવતા કર્મીઓના સ્વાસ્થ્યની ચિંતા કરીને ગુજરાત પોલીસ તેમના માટે સમયાંતરે નિઃશુલ્ક મેડિકલ ચેકઅપનું આયોજન કરે છે. જિલ્લાઓમાં ફરજરત પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી માટે સમયાંતરે નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન જિલ્લા કક્ષાએ કરવામાં આવે છે. તેવી જ રીતે પોલીસ મહાનિદેશકની કચેરી પોલીસ ભવન ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારી-કર્મચારીઓ માટે એપોલો હોસ્પિટલ, અમદાવાદના સહયોગથી બે દિવસીય મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૪ અને ૨૫ ઓકટોબર ૨૦૨૪ દરમિયાન યોજાયેલા આ મેડિકલ ચેકઅપ કેમ્પમાં ૪૦૦ જેટલા પોલીસ અધિકારી કર્મચારીઓએ પોતાના આરોગ્યની ચકાસણી કરાવી હતી. આ કેમ્પ દરમિયાન સવારથી સાંજ સુધી પોલીસ ભવન ખાતે સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો, હથિયારો એકમોની કચેરી, તાલીમ કચેરી, તકનિકી સેવાઓની કચેરી તેમજ આઇ.બી કચેરી અને સી.આઇ.ડી ક્રાઈમની કચેરીમાંથી મોટી સંખ્યામાં પોલીસ અધિકારી-કર્મચારીઓ પોતાના આરોગ્યની ચકાસણી માટે એકત્ર થયા હતા.

આ મેડિકલ ચેકઅપ કેમ્પમાં એપોલો હોસ્પિટલના સી.ઓ.ઓ શ્રી નિરજલાલ તથા જનરલ મેનેજર શ્રી સંદીપ જોષીના માર્ગદર્શન હેઠળ તેમની સિનિયર મેડિકલ અધિકારીશ્રીઓની ટીમ દ્વારા જનરલ હેલ્થ એસેસમેન્ટ, બ્લડ પ્રેશર મોનીટરીંગ, બોડી માસ ઈન્ડેક્ષ મેઝરમેન્ટ, બ્લડ સુગર ટેસ્ટીંગ (ઇમ્જી), કાર્ડિયાક રીસ્ક એસેસમેન્ટ તથા હેલ્થ અવેરનેસ ૠ કાઉન્સીલીંગ જેવા પેરામીટર પર નિદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોલીસ સુધારણા અધિક પોલીસ મહાનિદેશક ડો. નીરજા ગોટરૂના સંકલનમાં આ સમગ્ર કેમ્પનું સફળતાપૂર્વક આયોજન થયું હતું.

# વાવ વિધાનસભા પેટાચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના ઉમેદવારી પત્રક ભરતા પહેલા જંગી જાહેરસભા યોજાઈ



વાવ વિધાનસભા પેટાચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના ઉમેદવારી પત્રક ભરતા પહેલા યોજાયેલ જંગી જનસભાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, બનાસકાંઠાના લોકપ્રિય સાંસદ શ્રીમતિ ગેનીબેન ઠાકોર સહિતના આગેવાનોએ જનસભાને સંબોધીને ભાજપાના અહંકારી જનવિરોધી શાસન પર આકરા પ્રહાર કર્યા હતા.

વાવ વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સભામાં ધારાસભ્યશ્રી કાંતિભાઈ ખરાડી, દિનેશભાઈ ઠાકોર, શ્રી અમૃતજી ઠાકોર, પૂર્વ ધારાસભ્યશ્રી રઘુભાઈ દેસાઈ, શ્રી શિવાભાઈ ભૂરીયા, શ્રી નાથાભાઈ પટેલ, શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુ, યુવક કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, શ્રી મહિપાલસિંહ ગઢવી, બનાસકાંઠા જિલ્લા પ્રમુખશ્રી ભરતસિંહ વાઘેલા, બનાસકાંઠા જિલ્લાના આગેવાનશ્રી કે.પી. ગઢવી, ઠાકરશી રબારી, શ્રી રાજુભાઈ જોષી, શ્રી રામજીભાઈ રાઠોડ, શ્રી ડામરાજી, શ્રી શૈલેષભાઈ સહિત હજારોની સંખ્યામાં જનમેદની જનસમર્થન સભામાં જોડાઈ હતી.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી શહેરો લાસ્ટ માઈલ કનેક્ટિવિટીની સુગમ અર્બન મોબિલિટી ધરાવતા શહેરો બની રહ્યા છે: મુખ્યમંત્રીશ્રી




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરોના સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટથી લોકોનું ઈઝ ઓફ લીવિંગ વધાર્યું છે.એટલું જ નહીં, શહેરો વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝ ધરાવતા અને લાસ્ટ માઈલ કનેક્ટિવિટીની સુગમ અર્બન મોબિલિટી ધરાવતા હોય તેવો શહેરી જનજીવન સુખાકારી અભિગમ પણ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરનાં મહાત્મા મંદિરમાં આયોજિત ૧૭મી 'અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ'ના ઉદઘાટન અવસરે સંબોધન કરી રહ્યા હતા. ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આ ત્રિ-દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.દેશના વિવિધ રાજ્યોના શહેરી વિકાસ મંત્રાલય અને વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, અર્બન ટ્રાન્સપોર્ટ અને મોબિલિટી ક્ષેત્રે કાર્યરત તજજ્ઞો, સંસ્થાઓના પ્રતિનિધિઓ આ કોન્ફરન્સમાં સહભાગી થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશના રાજ્યોએ અર્બન મોબિલિટી સેક્ટરમાં અપનાવેલા વિકાસ મોડલ તથા અન્ય પહેલોના પરસ્પર વૈચારિક આદાન-પ્રદાન માટે આ કોન્ફરન્સ ઉપયોગી બનશે.

ભારત આજે પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે, તેમાં પાછલાં ૧૦ વર્ષોમાં થયેલા સામાજિક, આર્થિક, ઔદ્યોગિક વિકાસ સાથે શહેરીકરણનો પણ મહત્વનો ફાળો રહ્યો છે. ગુજરાતે તો પાછલાં ૨૩ વર્ષથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શહેરી વિકાસ અને શહેરી પરિવહન-અર્બન મોબિલિટીમાં અનેક નવા પરિમાણો મેળવ્યા છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, વિકાસ કામો નાણાંના અભાવે ક્યારેય અટકે નહી તે સુનિશ્ચિત કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસ માટે માતબર બજેટ પણ ફાળવવા શરૂ કર્યા છે. ૨૦૦૧-૦૨માં રૂ. ૭૫૦ કરોડનું શહેરી વિકાસ બજેટ હતું તે આજે રૂ. ૨૧,૭૦૦ કરોડને પાર કરી ગયું છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આયોજનબદ્ધ શહેરી વિકાસને નવી દિશા આપતા શહેરી વિકાસ વર્ષ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સાબરમતી રિવરફ્રન્ટ જેવા વિઝનરી પ્રોજેક્ટ સફળ બનાવ્યા છે તેની પણ વિસ્તૃત ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે શહેરોમાં રોજે રોજ અવર-જવર માટે પોતાના વાહનોના ઉપયોગ કરતા લોકોનું સ્ટ્રેસ, સમય અને ઇંધણ બચાવવા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર પરિવહન સેવામાં બી.આર.ટી.એસ.નો નવતર અભિગમ અમદાવાદમાં અપનાવ્યો તે ગેઈમ ચેન્જર બન્યો છે.આજે રાજયના અન્ય મહાનગરોમાં બી.આર.ટી.એસ. ઝડપી અને સલામત પરિવહનનું માધ્યમ બની છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ મેટ્રો સેવા પણ સલામત, સરળ યાતાયાત માટે લાખો લોકોની લાઈફલાઈન બની છે તેમ જણાવ્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિકાસ કામોમાં પર્યાવરણ સુરક્ષા કેન્દ્રિ અભિગમને પ્રાથમિકતા આપી છે અને ૨૦૭૦ સુધીમાં દેશને નેટ ઝીરો કાર્બન કન્ટ્રી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.ગુજરાતે આ લક્ષ્ય સિદ્ધ કરવામાં ક્લીન એન્ડ ગ્રીન અર્બન મોબિલિટી માટે અનેક કદમ ઉઠાવ્યા છે. મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અન્વયે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ઈલેક્ટ્રિક અને સી.એન.જી. બસનો ઉપયોગ વ્યાપક બનાવ્યો છે તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.તેમણે જણાવ્યું કે, હવે દેશમાં પણ પી.એમ. ઈ-બસ સેવા પી.પી.પી. મોડેલ પર શરૂ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અર્બન મોબિલિટીમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રીન ફ્યુચરની નેમ રાખી છે.મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ભારત જ ૨૦૪૭નો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ ગ્રીન-કલીન, સેઈફ અર્બન મોબિલિટીથી સૌ સાથે મળીને પાર પાડશે તેવો વિશ્વાસ પણ આ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા દર્શાવ્યો હતો.

વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ અર્બન મોબિલિટી અંગેની રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ અને એક્સ્પોના આયોજનથી ગુજરાત સહિત દેશભરના રાજ્યોને તેમની 'બેસ્ટ પ્રેક્ટિસ' શેરિંગ કરવાનો લાભ મળશે. આ કોન્ફરન્સ આવનાર સમયમાં ગુજરાત સહિત દેશના જાહેર પરિવહનને નવી દિશા આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતના તમામ વર્ગોના નાગરિકો માટે ૧,૦૬૮ જેટલી ઝ્રદ્ગય અને ૩૮૨ ઈફ બસ કાર્યરત કરીને જાહેર પરિવહનમાં સ્વચ્છ, ઉત્તમ અને સુરક્ષિત સુવિધા ઉપલબ્ધ કરાવી છે. આગામી સમયમાં વધુ ૧,૭૬૮ જેટલી ઝ્રદ્ગય-ઈફ બસો ગુજરાતની જનતા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ગુજરાતમાં પરિવહન વ્યવસ્થામાં ૈં, છૈં, ડિજિટલ ટેકનોલોજી, સ્માર્ટ કાર્ડ અને ડેટા એનાલિસીસનો મહત્તમ ઉપયોગ કરીને નાગરિકોને સલામત અને સુરક્ષિત પરિવહન સુવિધા આપવામાં આવી રહી છે, તેમ પણમંત્રી શ્રી સંઘવીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત દેશભરમાં મેટ્રો રેલનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે અમદાવાદ મેટ્રોમાં દૈનિક એક લાખ જ્યારે ગાંધીનગર મેટ્રોનો અંદાજે ૩૦ હજાર જેટલા મુસાફરો લાભ લઈ રહ્યા છે. અમદાવાદમાં મ્ઇ્જી - મેટ્રો વગેરેમાં મુસાફરી કરતા મુસાફરોને એન્ડ ટુ એન્ડ કનેક્ટીવીટીની સુવિધા આપવાની શરૂઆત કરવામાં આવી છે. ભારતમાં સૌપ્રથમ ભવિષ્યમાં બુલેટ ટ્રેન ગુજરાતમાં શરૂ થવાની છે તે બદલ મંત્રી શ્રી સંઘવીએ સંબંધિત વિભાગોના અધિકારીઓ અભિનંદન પાઠવ્યા હતા.આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી રાજકુમારે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી કેન્દ્ર સરકાર દ્વારા શહેરોના આધુનિકરણ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ભારત સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતો દેશ છે. દર વર્ષે લાખો લોકો ગામડામાંથી શહેરો તરફ પ્રયાણ કરે છે. જેના પરિણામે શહેરોમાં વસવાટ કરતા નાગરિકોની સંખ્યામાં વધારો થયો છે. દેશની ૭૦ ટકા જેટલો જી.ડી.પી. માત્ર શહેરી વિસ્તારમાંથી આવે છે. શહેરી વિસ્તારોમાં વધતી વસ્તીના કારણે પ્રદૂષણ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ જેવા અનેક પ્રશ્નો ઉદ્દભવ્યા છે. વાહનોમાંથી નીકળતા ધુમાડાના કારણે ગ્લોબલ વૉર્મિંગને ખૂબ મોટી અસર થાય છે. પ્રદૂષણને અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રેલ, બસ, ટ્રેન, મેટ્રો જેવી વિવિધ પબ્લિક ટ્રાન્સપોર્ટ સર્વિસનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

૧૭મી અર્બન મોબિલીટી ઈન્ડિયા કોન્ફરન્સમાં સૌને આવકારતાં ભારત સરકારના આવાસ અને શહેરી વિભાગના સચિવ શ્રી કે. શ્રીનિવાસે જણાવ્યું હતું કે, શહેરી પરિવહનનો સમસ્યાના નિરાકરણોના "સ્ટાન્ડર્ડાઈઝેશન અને ઑપ્ટિમાઈઝેશન× વિષય પર આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૦૮ થી શરૂ થયેલી આ કોન્ફરન્સની વર્ષ ૨૦૧૬ બાદ ફરીથી યજમાની કરવી તે ગુજરાત માટે ગૌરવપૂર્ણ બાબત છે. શહેરી પરિવહનની સુવિધાઓને વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવાના હેતુસર ત્રણ દિવસમાં વિવિધ સેમિનાર યોજાશે.

# ૭ નવેમ્બરના રોજ રિલીઝ થઈ રહેલ ફિલ્મ "કાલે લગન છે!?!"નું સોન્ગ "લગન લૉલીપોપ" રિલીઝ કરાયું




ગુજરાત : ૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રિલીઝ થઈ રહેલ ફિલ્મ "કાલે લગન છે !?!"નું ટ્રેલર રિલીઝ કર્યા બાદ ફિલ્મનું સોન્ગ "કાલે લગન છે !?!"નું પાર્ટી સોન્ગ "લગન લૉલીપોપ" તાજેતરમાં જ રિલીઝ કરવામાં આવ્યું છે. પ્રખ્યાત સિંગર ઉમેશ બારોટના અવાજમાં સ્વરબદ્ધ કરાયેલ આ સોન્ગ પરફેક્ટ વેડિંગ સોન્ગ સાબિત થઈ શકશે. આ સોન્ગમાં દીવ જેવાં રમણીય સ્થળને પણ બતાવવામાં આવ્યું છે. સિંગર ઉમેશ બારોટ પણ આ સોન્ગમાં નજરે પડે છે. આ સોન્ગ કોમેડીનું એક્સ્ટ્રા ફ્લેવર ઉમેરે છે.

કોમેડી, ડ્રામા અને રોમેન્ટિક સ્ટોરી લાઈન ધરાવતી આ ફિલ્મમાં પૂજા જોશી અને પરીક્ષિત તમાલિયા મુખ્ય ભૂમિકાઓમાં નજરે પડશે. ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ લોન્ચ કરવામાં આવ્યું હતું.. આ ફૂલ- ઓન ફેમિલી એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ છે જે સામાન્ય કોમેડીથી કાંઈક હટકે અને સસ્પેન્સથી ભરપૂર છે. એચજીપિક્ચર્સના બેનર હેઠળ બનેલ આ ફિલ્મના પ્રોડ્યુસર હરેશ પટેલ, રુચિત પટેલ અને સંજય દેસાઈ છે. ફિલ્મના લેખક અને ડિરેક્ટર અત્યંત પ્રતિભાશાળી હુમાયૂન મકરાણી છે. ઉલ્લેખનીય છે કે પૂજા અને પરીક્ષિતની જોડી "હું અને તું" પછી ફરી એકવાર સાથે આવી રહી છે. "કાલે લગન છે !?!" ફિલ્મમાં પરીક્ષિત અને પૂજા ઉપરાંત અનુરાગ પ્રપન્ના, દીપિકા રાવલ, પૂજા મિસ્ત્રી, મીર હનીફ, મેહુલ વ્યાસ, મૌલિક પાઠક અને ઉમેશ બારાત વગેરે કલાકારો પણ અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં નજરે પડશે.

ફિલ્મની સ્ટોરીલાઈનની વાત કરીએ તો ફિલ્મમાં 'એનોય્ડ આયુષ' ની જર્ની બતાવવામાં આવી છે જેને દીવ જતી વખતે એક છોકરી ઈશિકાને મળે છે, જ્યાં રહસ્યમય ખુલાસાઓ તેને તેના પ્લાન બદલવા માટે ફરજ પાડે છે અને દરેક ટ્વિસ્ટ દર્શકોને રમૂજ પ્રદાન કરશે. ટ્રેલરમાં પણ પરીક્ષિત અને પૂજા સાથે કારમાં મુસાફરી કરતાં જોવા મળે છે. તેમની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી જોવા દર્શકો આતુર છે.

ફિલ્મ ૭ નવેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે.

# શ્રી. વિહળ ઈન્ટરનેશનલ વિદ્યાપીઠ મા આનંદ મેળો યોજાયો



શ્રી. વિહળ ઈન્ટરનેશનલ ના શિક્ષકો મિત્રોની પ્રેરણાથી આજ રોજ વિદ્યાર્થી ભાઈ બહેનોએ શાળામાં ★આનંદ મેળા★ નું આયોજન કર્યું હતું.જેમાં વિદ્યાર્થીઓએ ખાણી પીણી ના અલગ અલગ સ્ટોલ બનાવ્યાં હતાં.

★આનંદ મેળા નું આયોજન શાળા કક્ષાએ એટલા માટે કરવામાં આવ્યું હતું કે જેથી વિદ્યાર્થી ને વર્ગ બહારની જીવન લક્ષી કેળવણી નું પ્રાયોગિક જ્ઞાન મળે.અને જીવન ઘડતરના ઉમદા પાઠ શીખે.આ મુખ્ય હેતુ રહ્યો હતો..★

★આનંદ મેળા ની શાળા પરિવાર ના ઉમદા માનવીય અભિગમના પણ દર્શન થયા. આનંદ મેળાનું ઉદઘાટન શાળાના સફાઈ કર્મચારી શ્રી.સોમાભાઈ અને પટ્ટાવાળા ના હસ્તે કરવામાં આવ્યું હતું.★ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન માટે શાળા મેનેમેન્ટ ,ડાયરેક્ટ સંજયભાઈ, પ્રિન્સિપાલ શ્રી.વી.કે.મહેતા સાહેબ અભિનંદન આપ્યા હતા

અહેવાલ કનુભાઈ ખાચર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.